વડીલોને વંદન અભિનંદન

રમેશભાઈ નારાયણભાઈ પટેલ
(૧૯૩૭) ફોન: ૨૩૨૮૪૨૪૩

ઈન્દુબેન છબીલદાસ પરીખ
(૧૯૩૦) ફોન: ૨૩૨૨૭૦૫૯

મુંબઈ-અમદાવાદ રાજમાર્ગ પર બસ-ટેન્કર ટકરાતાં આઠના મોત

વહેલી પરોઢે ૧-૨ની વચ્ચે મનોરમાં કૂડે ગામ નજીક એક ડીઝલ ટેન્કર સાથે પૂણેથી અમદાવાદ આવતી વોલ્વો બસ ટકરાઈ: ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ

અમદાવાદ,તા.૨૯

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મુંબઈ-અમદાવાદ રાજમાર્ગ ઉપર મોડી રાત્રે પોણા બે વાગે એક બસ અને ટેન્કર ધડાકા સાથે સામ સામે ટકરાઈ જતાં આઠ લોકો ભડથું થઈ ગયા હતા અને અન્ય ૧૪ લોકો ઘાયલ થઈ ગયા હતા. આ ટક્કર બાદ વિનાશકારી આગ ફાટી નીકળી હતી.

પોલીસે માહિતી આપતા કહ્યું છે કે આ બનાવ પાલઘર તાલુકામાં કુડે ગામ નજીક થયો હતો. પૂણેથી અમદાવાદ જઈ રહેલી લકઝરી વોલ્વો બસ સામેથી આવી રહેલી ડીઝલથી ભરેલી ટેન્કર સાથે અથડાઈ ગઈ હતી. ટક્કરના કારણે બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. આ બનાવમાં આઠ લોકો ભડથું થઈ ગયા હતા. અન્ય ૧૪ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઘાયલ થયેલા લોકોને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું છે કે ઘટના બાદ ત્યાંથી પસાર થઈ રહેલી એક કાર પણ સળગી રહેલી બસથી ટકરાઈ ગઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ ભોગ બનેલા તમામ લોકો બસમાં મુસાફરી કરી રહ્યા હતા. બનાવની જાણ થયા બાદ ફાયર બ્રિગેડની ટુકડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઉપર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ બનાવના લીધે આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. અકસ્માત સર્જાયો ત્યારે મોટાભાગના યાત્રીઓ ઊંઘી રહ્યા હતા. આ બસ પૂણેથી અમદાવાદ તરફ આવી રહી હતી.

મુંબઈ-અમદાવાદ હાઈવે ઉપર મનોર નજીક આ બનાવ બન્યો હતો. ઈમરજન્સી સર્વીસ અને ટોચના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ચાર કલાક સુધી હાઈવે ઉપર ટ્રાફિકને રોકવામાં આવ્યો હતો. ટ્રાફિકને સામાન્ય બનાવામાં કલાકનો સમય લાગ્યો હતો. ઘટના સ્થળે રહેલા વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ખૂબ જ સાવધાનીપૂર્વક બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. કારણ કે ડીઝલ ટેન્કર હોવાથી વિસ્ફોટ થવાનો ખતરો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વોલ્વો બસને આવરી લેતા અકસ્માતોની સંખ્યા તાજેતરમાં દિવસોમાં વધી ગઈ છે. થોડાક સમય પહેલાં પણ આવા જ અકસ્માતો સર્જાયા હતા જેના કારણે મોટી ખુવારી થઈ હતી. ડીઝલ ટેન્કરનો ચાલક ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ એક અને બે વાગ્યાની વચ્ચે આ અકસમાત સર્જાયો હતો. ડીઝલ ટેન્કર બીપીસીએલની હતી અને ડીઝલ લઈને આ ટેન્કર ગુજરાતમાં હજીરા તરફ આવી રહી હતી. અકસ્માતના કારણે બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી. મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી કરી શકાઈ નથી. તમામના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. થાણેના જિલ્લા કલેક્ટર પી વેલરાસુએ કહ્યું છે કે યાત્રીઓના નામ અંગે માહિતી મેળવવા બસ ઓપરેટરનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. ઈજાગ્રસ્તોને મનોર રૂરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ૨૯મી મે ૨૦૧૩ના દિવસે લકઝરી બસને આવરી લેતા આવો જ એક એકસ્માત સર્જાયો હતો જેમાં ૧૪ લોકોના મોત થયા હતા અને ૪૦ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તો અને મૃત્યુપામેલા લોકોના નામને લઈને સગાસંબંધીઓમાં પણ બનાવની જાણ કરતા ભારે ઉત્તેજના રહી હતી અને સગાસંબંધીઓમાં ભાગદોડ જોવા મળી હતી. મોડેથી તમામ લોકોના નામ મળે તેવી શક્યતા છે.

લક્ષ્મીપુરા ગામથી તાંદલીયા ગામનો રસ્તો બિસ્માર થઈ રહ્યો છે

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી અગ્નિકોણમાં જતાં તાંદલિયા કંપા તથા તાંદલિયા ગામ આવેલ છે. જ્યાં ૬૬ કે.વી. વિજ સબસ્ટેશન પણ કાર્યરત છે. લક્ષ્મીપુરાથી તાંદલિયાનો લગભગ ૨ કિ.મી.નો રોડ આવેલ છે. આ રોડ ખૂબજ સાંકડો છે અને ૬૬ કે.વી.ના કારણે લોડિંગ વાહનોની અવર-જવર હોવાથી રસ્તો પણ તૂટવા લાગ્યો છે. તાંદલિયા કંપા નજીકના નાળા ઉપર બનાવેલ ડીપ પણ તૂટવાની તૈયારી ભાખી રહ્યું છે ત્યારે હવે જોવું રહ્યું કે આ રસ્તો ક્યારે દૂરસ્ત થશે તથા ડીપનું ગરનાળાનું ક્યારે સમારકામ થશે તે નક્કિ નથી, ડીપમાં ક્યારેક બસ પસાર થાય ત્યારે બસ નીચે ડીપમાં અડી જતાં અકસ્માતની સંભાવના સેવાઈ રહી છે. તંત્ર તથા સત્તાધીશો ક્યારે જાગશે?

બનાસ ડેરી દ્વારા દૂધના વેપાર સાથે સંકળાયેલ વિધવા બહેનોનું સંમેલન યોજાશે

પાલનપુર, તા.૨૯

બનાસ ડેરીના દિર્ઘ દ્રષ્ટા અને માનવ પ્રેમી આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલનું સ્વપ્ન હતું કે જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં રહેતી વિધવા બેન પણ દાતરડાના હાથા પર પશુપાલન વ્યવસાયથી સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવો ધંધો વિકસાવવો છે તે આજે ખરા અર્થમાં ચરિતાર્થ થયું છે. તેઓના મહાન સ્વપ્રને આગળ ધપાવવા માટે બનાસડેરીએ વિધવા દૂધ ઉત્પાદક બહેનોને સન્માનવાનો એક ઉમદા પ્રયત્ન આજ ૩૦ જાન્યુઆરી ૧૪ના રોજ હાથ ધર્યો છે અને ૧૦હજાર વિધવા બહેનોનું સંમેલન યોજાશે. વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે બનાસ ડેરીએ ઘણો વિકાસ કર્યો છે. નજીકના ભવિષ્યમાં દૈનિક ૫૦ લાખ લીટર દૂધ સંપાદન થશે. નબળા, નિરાધાર અને પીડિતવર્ગના સમુદાયને ડેરી કઈ રીતે મદદરૂપ થાય તે જાણીને આજે આપણને અહેસાસ થાય છે આદ્યસ્થાપક ચેરમેનનું સ્વપ્ન ખરા અર્થમાં સાકાર થયું છે તેથી ઉમદા કાર્યને સુદૃઢ રીતે આગળ ધપાવવા માટે બનાસડેરી એ વિધવા દૂધ ઉત્પાદક બહેનોને સન્માનવાનો નિર્ણય કર્યો છે. આ સન્માન સમારોહમાં મંત્રી આનંદીબેન પટેલ, મંત્રી પરબતભાઈ પટેલ, મંત્રી લીલાધરભાઈ વાઘેલા ઉપસ્થિત રહેશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હિંમતનગરમાં ગાંધી રોડ પર બાઈકની ડેકી તોડી રોકડ ૯૦ હજારની ચોરી

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ગાંધી રોડ પર આવેલ યુનિયન બેંક આગળ મંગળવારે રાત્રીના ૮.૩૦ વાગેના સુમારે શહેરના બેરણા રોડ પર આવેલ વિરાટનગર ૧૦૦-એમાં રહેતા કૃણાલભાઈ રજનીકાંતભાઈ પંચાલ એ પોતાનું પ્લેઝર મોટર સાયકલ નંબર જી.જે.૯એ.પી. ૩૭૬૬ પાર્ક કરી ડેકીમાંથી રૂ. ૧૦ હજાર કાઢી આપવા ગયેલ તે દરમિયાન કોઈ ઈસમે બાઈકની ડેકીનું લોક કોઈ પણ હથિયારથી ખોલી અંદર કોથળીમાં મુકેલ રૂ. રોકડા ૯૦ હજાર ચોરી કરી લઈ ગયેલ આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે કૃણાલભાઈ રજનીકાંતભાઈ પંચાલએ રાત્રીના ફરિયાદ નોંધાવી હતી.

કલોલ નજીક આવેલ ઈફકો ખાતે રેલવે વેગનના વાલ્વમાંથી એમોનીયા ગેસ લીકેજની મોકડ્રીલ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ડિસ્ટ્રીકટ કાઈસીસ ગ્રૂપ દ્વારા કલોલ નજીક આવેલ ઈફકો ખાતે રેલ્વે વેગનના વાલ્વમાંથી એમોનીયા ગેસ લીકેજની મોકડ્રીલ યોજાવામાં આવી હતી.

આ મોકડ્રીલમાં કારખાનામાં આવેલા ઈન્ટર્નલ રેલ્વે લાઈન પર ઉભેલ રેલ્વે વેગનમાંથી કારખાનાની પાઈપ લાઈનમાં એમોનીયા ગેસનું લોડીંગ થઈ રહ્યું હતું. જે દરમ્યાન વાલ્વમાંથી એમોનીયા ગેસ લીકેજ થયેલ હોવાનું ધ્યાનીને, આ ગેસ લીકેજની ઈમરજન્સીને કાબુમાં લેવા માટે કારખાનામાં ઉપલબ્ધ ફાયર સેફટી એન્ડ મેડીકલ ટીમો દ્વારા -યત્ન શરૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં લીકેજ કાબુમાં ન આવતા આ ઈમરજન્સીને ઓફ સાઈટ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. તે પછી તરત જ ડિસ્ટ્રીકટ કાઈસીસ ગ્રૂપના તમામ સભ્યોને ટેલીફોનીક જાણ કરવામાં આવી હતી. જે પછી ૧૫ થી ૩૦ મિનીટના સમયગાળામાં તમામ સરકારી તેમજ બિનસરકારી એજન્સીઓ જેવી કે, નગરપાલિકા ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ, ઓ.એન.જી.સી ફાયર બ્રિગેડ, પોલીસ, સિવીલ સર્જન અને વિવિધ એમ.એ.એચ ફેકટરીઓના સેફટી ઓફિસર્સ વગેરેને ઘટના સ્થળ પર આવીને આ એમોનીયા ગેસ લીકેજની ઈમરજન્સીને કાબુમાં લેવામાં આવી હતી.

આ મોકડ્રીલમાં ડિસ્ટ્રીકટ કાઈસીસ ગ્રૂપના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટરશ્રી વતી કલોલ નંત અધિકારી શ્રી -દિપસિંહ રાઠોડ ઘટના સ્થળ ઉપસ્થિત રહયાં હતાં. સમગ્ર મોકડ્રીલને સફળ બનાવવા ડિસ્ટ્રીકટ કાઈસીસ ગ્રૂપના મેમ્બર સેક્રેટરી અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ ડેપ્યુટી ડાયરેકટર શ્રી એન. એન.પટેલ અને તેમની કચેરીના અધિકારી શ્રી એચ.એસ. પટેલ, શ્રી ડી.એમ. આચાર્ય, શ્રી એન. એસ. અસારી, તથા સર્ટીફાઈંગ સર્જન ડૉ. બી.એન.પટેલ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર તથા ગાયત્રી પરિવાર-દહેગામના સહયોગથી

વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર તથા ગાયત્રી પરિવાર-દહેગામના સહયોગથી જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર દ્વારા દહેગામ તાલુકાના કડજોદરા ગામે વિના મૂલ્યે નેત્ર-નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કડજોદરાની શાળામાં યોજાયેલા આ કેમ્પમાં ગ્રામજનોની આંખની તપાસ વિનામૂલ્યે કરી નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા જરૂરી સલાહ આપવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન નિદાન થયેલ મોતીયાના દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણિ મૂકી ઓપરેશન પણ કરી આપવામાં આવનાર છે.

આ સમગ્ર કેમ્પને સફળ બનાવવા માટે સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગરના પ્રોગ્રામ ઑફિસર ડૉ. શિલ્પાબેન ભટ્ટ, લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટ, સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી, જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના શ્રી ચતુરભાઈ તથા ઉર્વીશભાઈ અને દહેગામના ગાયત્રી પરિવારે ખૂબ જહેમત ઉઠાવી હતી.

ઝાડુ યાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર રાજ્યમાં આમ આદમી પાર્ટીની ઝાડુ યાત્રા પાર્ટી દ્વારા નીકાળવામાં આવી રહી છે. ત્યારે આજે ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઝાડુ યાત્રા નીકાળી હતી. સવારે પંચદેવ મંદિરથી શરૂ થયેલી ઝાડુ યાત્રા શહેરમાં ફર્યા બાદ પેથાપુર, પીપળજ, પીંડારડા, વાસણ, ઉનાવા, સરઢવ, રાંધેજા તથા વાવોલ સહીત ૧૦ જેટલા ગામોમાંફરી હતી. ઝાડુયાત્રા દ્વારા લોકસંપર્ક કરીને આપ ગાંધીનગર ટીમના સંયોજક પિયુષ વ્યાસ, રાજુ ભટ્ટ, હસમુખભાઈ પટેલ, રાઠોડભાઈ, યતિનભાઈ છાયા, અજય બિહોલા, કિશનભાઈ, તા. પંચાયતના પૂર્વપ્રમુખ નારણભાઈ પટેલ, ઉદ્યોગપતિ દિનેશસિંહ ચાવડા, આશિષબેન જાડેજા, નિવૃત્ત સનદી અધિકારી આનંદ મોહન ભારદ્વાજ, શ્રીમતી ભારદ્વાજ, દેવેન્દ્રભાઈ જાની, ધારાબેન, હેતલબેન સહિતના આગેવાનો-કાર્યકરોએ પાર્ટીના વિચારો લોકો સુધી પહોંચાડવા પત્રીકાઓ તથા પક્ષની ટોપીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ખડાયતા સમાજનું ગૌરવ

સમસ્ત ગુજરાત ખડાયતા સમાજની સામાન્ય બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં અરવલ્લી જિલ્લાના ડેમાઈ ગામના પિયુષકુમાર શાહની મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આથી પિયુષભાઈએ સાબરકાંઠા અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તેઓ હાલ વિવિધ સંસ્થામાં પણ સેવાઓ આપી રહ્યા છે.

શક્તિપીઠ દર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સ્થાને શકિતપીઠ અસ્તિત્વમાં આવી. આ ધાર્મિક દંતકથાની પરિકલ્પના મુજબ સમગ્ર દેશમાં ભાવિકોની શ્રધ્ધાને મધુ મજબૂત બનાવવા મુખ્યમંત્રીને અંબાજીધામમાં ૫૦ શકિતપીઠનું નિર્માણ કરવાનો વિચાર ક્લીક થયો હતો. આ મામલે પવિત્ર યાત્રાધામ બોર્ડે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટને સફળ બનાવવાની દિશામાં પ્રયાસો હાથ ધર્યા હતા. યાત્રાધામ બોર્ડે આ પ્રોજેકટ અનવયે ઉજ્જૈન અને કલકત્તા સહીતના સ્થળોએ મુલાકાત લઈ વિવિધ ધાર્મિક ગ્રંથોમાંથી માર્ગદર્શન મેળવી સંતો સાથે પરામર્શ કરી હતી. જેના અંતે આ ધાર્મિક કથાની પરિકલ્પનાને તાદેશ્ય કરવાનું કામ હાથ ધરાયું.

પવિત્ર યાત્રાધામ બોર્ડના સચિવ અનિલ પટેલના જણાવ્યા મુજબ અંબાજી ખાતે ગબ્બરની પરિક્રમાના ૩ કી.મી.ના પથ પર બાકીના ૫૦ શકિતપીઠનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત ભવ્ય ગેટ અને રૂટમાં કાફેટેરીયા પણ બનાવવામાં આવ્યું છે. જયારે પ્રત્યેક શકિતપીઠને અનુલક્ષી શ્રધ્ધાળુઓને માહિતી પુરી પાડવા કીયોસ્ક મુકવામાં આવ્યા છે. જયારે શકિતપીઠની વિશેષ પૂજા માટે પૂજારીઓને સંબંધિત મંદિરોમાં તાલીમ પણ આપવામાં આવી છે. આગામી તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. જેમાં મુખ્યમંત્રી ઉપરાંત સમગ્ર દેશમાંથી સાધુ-સંતો સહિત મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. આ દરમિયાન ભવ્ય શોભાયાત્રા પણ નીકળશે. શકિતપીઠ મુજબ યજમાનો પૂજાવિધિનો લાભ લેશે.

જોઈએ છે

ઓપન ઈન્ટરવ્યુ

શ્રી કુંભલમેર ગ્રામ પ્રગતિ મંડળ સંચાલિત કુંભલમેર હાઈસ્કૂલ, કુંભલમેર (માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ) સ્વનિર્ભર શાળા માટે નીચે મુજબના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીની જરૂરી હોઈ નીચે જણાવેલ તારીખ અને સમયે સ્વહસ્તાક્ષરોમાં પરિશિષ્ઠ-૦૨ પ્રમાણે અરજી સાથે સ્વખર્ચે હાજર રહેવું. સરકારશ્રીના નિયમો તથા વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ પગાર ધોરણ અને અન્ય લાભો મળવાપાત્ર થશે.

ક્રમ	જગ્યાનું નામ	લાયકાત	રોસ્ટર પોઈન્ટ	અન્ય લાયકાત
૧	આચાર્ય ૦૧	ગુ.મા.શિ. વિનિમય-૨૦(૧) તથા તેમાં થયેલ છેલ્લામાં છેલ્લા સુધાર મુજબની લાયકાત ધરાવતા તાલીમી સ્નાતક બી.ટી. અથવા બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે સમકક્ષ પદવી ધરાવતા હોય તેવા અને તાલીમ પછીના પાંચ વર્ષનું શીખવવાનો/નિરીક્ષણનો અનુભવ જરૂરી.	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૨.	શિક્ષણ સહાયક-૦૧	બી.એસ.સી. બી.એડ. ગણિત/વિજ્ઞાન ટેટ પાસ	બક્ષીપંચ	CCC પરીક્ષા પાસ
૩.	શિક્ષણ સહાયક-૦૧	બી.એ. બી.એડ. સંસ્કૃત, ગુજરાતી ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૪.	શિક્ષણ સહાયક-૦૧	બી.એ. બી.એડ. હિન્દી/ગુજરાતી ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૫.	શિક્ષણ સહાયક-૦૧	બી.એ. બી.એડ. ઈતિહાસ ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૬.	શિક્ષણ સહાયક-૦૧	એમ.કોમ. બી.એડ. ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૭.	શિક્ષણ સહાયક-૦૧	એમ.એ. બી.એડ., અંગ્રેજી/સંસ્કૃત ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૮.	શિક્ષણ સહાયક-૦૧	એમ.એ. બી.એડ., ગુજરાતી/સંસ્કૃત ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૯.	શિક્ષણ સહાયક-૦૧	એમ.એ. બી.એડ., તર્કશાસ્ત્ર ટેટ પાસ	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૧૦.	શિક્ષણ સહાયક-૦૧	સ્નાતક + બી.એડ. + PGDCA અથવા બી.સી.એ., + બી.એડ. અથવા M.C.A.	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૧૧.	ગ્રંથપાલ ૦૧	સ્નાતક + B.Lib. Science	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૧૨.	વહીવટી સહાયક-૧	સ્નાતક + C.C.C.	બિન અનામત	CCC પરીક્ષા પાસ
૧૩.	સાથી સહાયક-૧	ધો.૧૨ પાસ, અને ડ્રાઈવીંગ લાઈસન્સ	બિન અનામત	

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની લાયકાતના અસલ પ્રમાણપત્રો, ગુણપત્રકો, જાતિ તેમજ વિશિષ્ઠ લાયકાતના પ્રમાણપત્રો, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ ભાગ લીધેલ NCCનું B કે Cનું પ્રમાણપત્રો તથા તમામની પ્રમાણિત નકલ સહિત તારીખ : ૦૨/૦૨/૨૦૧૪ને રવિવારના રોજ ૧૦-૦૦ કલાકે કુંભલમેર હાઈસ્કૂલ, કુંભલમેર, તા. પાલનપુર, જી. બનાસકાંઠા શાળામાં સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

પ્રમુખ
કુંભલમેર ગ્રામ્ય પ્રગતિ મંડળ, કુંભલમેર
સંચાલિત કુંભલમેર હાઈસ્કૂલ, કુંભલમેર

જગ્યા ચાર્જમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહન નિરિક્ષક તરીકે મહિલા અધિકારી ઋતવીમ દાણીની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે આગામી તા. ૩૧ જાન્યુઆરીના રોજ હાલ એ.આર.ટી.ઓ. તરીકે જવાબદારી સંભાળતા આશિષ્ટન્ટ રોડ ટ્રાન્સપોર્ટ ઓફિસર શ્રી આચાર્ય વય નિવૃત્ત થવાના છે. છેલ્લા ચાર વર્ષથી વધુ સમયકાળથી એ.આર.ટી.ઓ.નો કાર્યભાર સંભાળતા શ્રી આચાર્ય નિવૃત્ત થયા બાદ આ જગ્યાનો ચાર્જ મોટર વાહન નિરિક્ષકને સોંપવામાં આવશે. અલબત્ત કાયમી નિમણૂંક ન થાય ત્યાં સુધી આ જગ્યા ચાર્જમાં ચાલશે.

દર્દોથી પીડાય છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સારવાર શરૂ કરી દેવામાં આવી છે.

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન હૃદયની બિમારીથી પીડાતા ૫૩ બાળકો મળ્યા છે. જેમાં ૨૪ બાળકો આંગણવાડીના છે. ૨૪ બાળકો પ્રા. શાળાનો અભ્યાસ કરે છે. જ્યારે ૫ બાળકો માધ્યમિક શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. કિડનીના રોગોના જે ૧૪ બાળકો મળ્યા છે પ્રા. શાળાના ૧૦ બાળકો, ૨ બાળકો આંગણવાડીના છે તો ૨ બાળકો માધ્યમિક શાળાના છે. જ્યારે કેન્સરના ૩ બાળકો જે મળ્યા છે જેમાં એક બાળક આંગણવાડીમાંથી અને બે બાળકો માધ્યમિક શાળામાં અભ્યાસ કરી રહ્યા છે.

KALPA-TARU®

KALPATARU POWER TRANSMISSION LTD.

REGD. OFFICE : 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.

UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2013

(₹ in Lacs)

Sr. No.	Particulars	Quarter Ended 31-12-2013 (Unaudited)	Quarter Ended 30-9-2013 (Unaudited)	Quarter Ended 31-12-2012 (Unaudited)	Nine Months Ended 31-12-2013 (Unaudited)	Nine Months Ended 31-12-2012 (Unaudited)	Year Ended 31-3-2013 (Audited)
	PART-I STATEMENT OF FINANCIAL RESULTS						
1	Income from Operations						
	(a) Net Sales/Income from Operations (Net of Excise duty)	1,04,017	94,536	87,866	2,86,512	2,27,430	3,28,591
	(b) Other Operating Income	1,117	1,684	1,101	3,802	2,950	4,949
	Total Income from Operations (net)	1,05,134	96,220	88,967	2,90,314	2,30,380	3,33,540
2	Expenses						
	(a) Cost of materials consumed	52,579	46,251	42,919	1,40,079	1,18,446	1,64,918
	(b) Purchase of stock-in-trade	-	-	-	-	-	-
	(c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade	(2,549)	1,335	(645)	(3,482)	(6,324)	(8,008)
	(d) Erection & Sub-Contracting Expenses	25,340	22,172	23,311	71,874	56,580	85,508
	(e) Employee Benefits Expense	6,619	5,921	5,322	18,355	13,692	20,064
	(f) Depreciation & Amortisation Expense	1,809	1,734	1,347	5,133	3,812	5,225
	(g) Other Expenditure	13,741	11,428	9,202	35,773	25,504	38,850
	Total Expenses :	97,539	88,841	81,456	2,67,732	2,11,710	3,06,557
3	Profit/(Loss) from Operations before Other Income, finance cost & Exceptional Items (1-2)	7,595	7,379	7,511	22,582	18,670	26,983
4	Other Income	1,034	1,412	995	3,780	3,426	4,772
5	Profit/(loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4)	8,629	8,791	8,506	26,362	22,096	31,755
6	Finance Costs	3,501	4,100	3,473	11,426	9,184	12,201
7	Profit/(Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6)	5,128	4,691	5,033	14,936	12,912	19,554
8	Exceptional Items	-	-	-	-	-	-
9	Profit/(Loss) from Ordinary Activities before Tax (7-8)	5,128	4,691	5,033	14,936	12,912	19,554
10	Tax Expense	1,758	1,592	1,520	5,000	4,010	5,789
11	Net Profit /(Loss) from Ordinary Activities after Tax (9-10)	3,370	3,099	3,513	9,936	8,902	13,765
12	Extraordinary Items (net of tax expense ₹ in lacs)	-	-	-	-	-	-
13	Net Profit(+)/Loss(-) for the period (11-12)	3,370	3,099	3,513	9,936	8,902	13,765
14	Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each)	3,069	3,069	3,069	3,069	3,069	3,069
15	Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year						1,81,534
16.i	Earnings Per Share (EPS) (before extraordinary items) (of ₹ 2 each) (not annualised)						
	a) Basic	2.20	2.02	2.29	6.48	5.80	8.97
	b) Diluted	2.20	2.02	2.29	6.48	5.80	8.97
16.ii	Earnings Per Share (EPS) (after extraordinary items) (of ₹ 2 each) (not annualised)						
	a) Basic	2.20	2.02	2.29	6.48	5.80	8.97
	b) Diluted	2.20	2.02	2.29	6.48	5.80	8.97
	PART-II Select Information for the Quarter and Nine Months Ended 31/12/2013						
A	PARTICULARS OF SHAREHOLDING						
1	Public Shareholding						
	No. of Shares	6,22,25,907	6,22,25,907	6,48,98,708	6,22,25,907	6,48,98,708	6,48,07,755
	Percentage (%) of Shareholding	40.55	40.55	42.29	40.55	42.29	42.23
2	Promoters and Promoter Group Shareholding						
	a) Pledge/Encumbered						
	No. of Shares	4,34,24,601	4,75,24,601	3,09,15,000	4,34,24,601	3,09,15,000	2,94,15,000
	- Percentage of Shares(as a % of the total Shareholding of promoter & promoter group)	47.60	52.09	34.91	47.60	34.91	33.18
	- Percentage of shares (as a % of the total Share Capital of the Company)	28.30	30.97	20.15	28.30	20.15	19.17
	b) Non-encumbered						
	No. of Shares	4,78,10,062	4,37,10,062	5,76,46,862	4,78,10,062	5,76,46,862	5,92,37,815
	- Percentage of Shares (as a % of the total Shareholding of promoter & promoter group)	52.40	47.91	65.09	52.40	65.09	66.82
	- Percentage of shares (as a % of the total Share Capital of the Company)	31.15	28.48	37.56	31.15	37.56	38.60

	Particulars	3 months ended 31/12/2013		
B	INVESTOR COMPLAINTS			
	Pending at the beginning of the quarter	Nil	Disposed of during the quarter	Nil
	Received during the quarter	Nil	Remaining unresolved at the end of the quarter	Nil

Place : Mumbai
Date : 29th January, 2014

Segment wise Revenue, Results and Capital Employed for the Quarter and Nine Months ended 31st December, 2013 (₹ in Lacs)

Sr. No.	Particulars	Standalone Quarter Ended 31-12-2013 (Unaudited)	Quarter Ended 30-9-2013 (Unaudited)	Quarter Ended 31-12-2012 (Unaudited)	Nine Months Ended 31-12-2013 (Unaudited)	Nine Months Ended 31-12-2012 (Unaudited)	Year Ended 31-3-2013 (Audited)
A	Segment Revenue